# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત અખબારનગર સર્કલથી આર.ટી.ઓ. સર્કલ સુધી ૧૩૨ ફુટ રોડ ઉપર આવેલ ટૉરેન્ટ પાવરના હેવી વોલ્ટેજ પાવર લાઇનના વાયરોનું અંડરગ્રાઉન્ડ ફીટીંગ કરવાનું હોઇ જેથી અખબારનગર સર્કલ ખાતે ભીમજીપુરા તરફ જતા શ્રી ઉમેદભાઇ પટેલ માર્ગ ઉપર મધ્યભાગમાં બનાવવામાં આવેલ સેન્ટ્રલ વર્જના બન્ને ખુણાને સમાંતર અડીને ૧૨૫ ફુટ રોડ ઉપર અખબારનગર સર્કલ તરફ તા.૧૦/૧/૨૦૧૯ સુધી ૫ (પાંચ) મીટર લાંબુ તથા ૮ (આઠ) મીટર પહોળું બેરીકેડીંગ કરવામાં આવનાર છે અને બાકીનો અખબારનગર સર્કલ (કીટલી સર્કલ) તરફનો ૬ (છ) મીટર રસ્તો વાહન વ્યવહાર માટે ખુલ્લો રાખવામાં આવનાર હોઇ તેમજ સદર જગ્યાએ ટ્રાફિક નિયમન માટે એફકોન્સ કંપની દ્વારા ૩ (ત્રણ) ટ્રાફિક માર્શલ મુકવામાં આવનાર હોઇ જેથી ટ્રાફિકને લગત કોઇપણ પ્રકારની સમસ્યા ઉપસ્થિત ન થતા વાહનો સરળતાથી પસાર થઇ શકે તેમ છે.

મેટ્રો રેલ પ્રોજેક્ત અંતર્ગત અખબારનગર સર્કલથી આર.ટી.ઓ. સર્કલ સુધી ૧૩૨ ફુટ રોડ ઉપર આવેલ ટૉરેન્ટ પાવરના હેવી વોલ્ટેજ પાવર લાઇનના વાયરોનું અંડરગ્રાઉન્ડ ફીટીંગનું ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૨૯/૧૨/૨૦૧૮**

**( જે.આર.મોથલીયા )**
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફિક,અમદાવાદ શહેર